વાવાઝોડાથી બાયડ તાલુકાના ખેડુતો પાયમાલ

ખેડુત નુ નામ	પાક નુ નુકશાન(અંદાજીત રકમ)	સ્ટ્રકચર નુ નુકશાન (અંદાજીત રકમ)
અરવિંદભાઈ ભાણજીભાઈ	૮૦૦૦૦૦/-	૧૦૦૦૦૦/-
હરેશભાઈ તુલસીભાઈ	૪૦૦૦૦૦/-	૫૦૦૦૦૦/-
પરેશભાઈ તુલસીભાઈ	૫૦૦૦૦૦/-	૮૦૦૦૦૦/-
પ્રધુદાસભાઈ વશરામભાઈ	૫૦૦૦૦૦/-	૫૦૦૦૦૦/-
હિતેશભાઈ ભોગીલાલભાઈ	૫૦૦૦૦૦/-	૩૦૦૦૦૦/-
જયેતીભાઈ તુલસીભાઈ	૪૦૦૦૦૦/-	૫૦૦૦૦૦/-
નર્મદાબેન મહેશભાઈ	૫૦૦૦૦૦/-	૪૦૦૦૦૦/-
તુષારભાઈ કીરીટભાઈ	૪૦૦૦૦૦/-	૩૦૦૦૦૦/-
જેમીનીબેન મહેશભાઈ	---	૨૦૦૦૦૦/-
ભુમીબેન મહેશભાઈ		૨૦૦૦૦૦/-
ગીતાબેન મુકેશભાઈ	---	૫૦૦૦૦૦/-
મુકેશભાઈ નારાયણભાઈ	૪૦૦૦૦૦/-	૩૦૦૦૦૦/-
માનાબેન કરસનભાઈ		૧૫૦૦૦૦/-
ભરતભાઈ તુલસીભાઈ		૧૫૦૦૦૦/-

બાયડ, તા. ૧૧

બાયડ તાલુકા માં હવામાન પલટાયા પછી અનેક વિસ્ત્રો માંદ તોફાની પવન અનેકરા સાથે માવઠુ પડયુ હતુ જેમાં આ વાવાઝોડા એ બાયડ તાલુકા માં ગ્રીન હાઉસ બનાવી ખેતી કરતા ખેડુતો ને પાયમાલ કરી દીધા છે આ વાવાઝોડા એ બાયડ તાલુકાના ગ્રીન હાઉસ ના ખેડુતોને રોવાનો વારો લાવ્યો છે. બાયડ તાલુકા ના પુર્વ પટ્ટા માં બે ગામમો ત્રાટકેલા ચકવાતે આ ગામો માં આવેલ ગ્રીનહાઉસ ને જમીન દોસ્ત કરી દીધા હતા આ ગામો માં ગ્રીન હાઉસ બનાવી આધુનીક પધ્ધતી થી ખેતી કરતાં કરછ કડવા પાટીદાર સમાજ ના ખેડુતો ને આ કુદરત સર્જીત ચકવાતે પાયમાલ કરી દીધા છે અને ખેડુતો ને થયેલ નુકશાન નો આં કરોડો માં પહોચવા પામ્યો છે તેમજ આ ખેડુતો દ્વારા રાજય સરકાર ખેતી વિભાગ તરફથી તત્કાલ સહાય ચુકવવાની માંગ ઉઠવા પામી છે. બાયડ તાલુકા માં આવેલ રામસીકંપા અને આસપાસ ના ખેડુતો એ ગ્રીન હાઉસ કરી આ ગ્રીન હાઉસૂ માં આધુનીક પધ્ધતી દ્વારા કેપ્સીકમ

મરચાં અને અન્ય ખેતી નો પ્રારંભ કર્યો હતો આ વીસ્તાર ના કેટલાક ખેડુતો એ ગ્રીનહાઉસ તૈયાર કર્યા છે આ ગ્રીન હાઉસ દ્વારા પાક તૈયાર કરી રાજય માં આપાક ની નીકાસ શરૂ કરી હતી

ગઈકાલે બાયડ તાલુકાના પીપોદરા સાઠંબા રામસીકંપા વિસ્તારમાં કરા સાથે વરસાદ ષ્ણરૂ થાય તે પહેલા જોરદા ચકવાત શરૂ થઈ ગયોહતો અને જોતજોતામાં તો આ ચકવાતે ગ્રીન હૂસ ને રીતસર નો ખુરદો બોલાવી દીધો હતો જયારે ગ્રીન હાઉસ ના ઉપલા શેડ તહસ નહસ થઈ જતાં કેપ્કમ મરચા નો પાક નષ્ટ જવાનો ભયેવાઈ રહયો છે. જયારે આ વીસ્તારમાં ગ્રીન હાઉસ થી ખેતી કરતાં પરેશભાઈ એ જયહિંદ સાથેની ટેલીફોનીક વાતમાં જણાવ્યુ હતુ કે આ ચકવાતે અમોને લોખો.રૂપીયાનુ નુકશાન કરાવ્યુ છે આ વિસ્તાર ના ગ્રીનહાઉસ થી ખેતી કરતાં ખેડુતો ને માથે હાલ તો મોટોફટકો પડયો છે આ ચકવાતે ખેડુતો ને પાયમાલ કરી દીધા છે અને આ નુકશાન નો આંકડો બે કરોડથી પણ વધુ હોવાનુ જણાઈ રહયુ છે ત્યારે રાજય સરકાર ના ખેતી વિભાગ દ્વારા આ ચકવાત ને લઈ ને મુશ્કેલી માં મુકાઈ ગયેલા ખેડુતો ને તત્કાલ સહાય ચુકવી મુશ્કેલી માં ઉગારી લેવા જોઈએ તેવી લોકમાંગણી ઉઠવા પામી છે. જયારે ખેડુતો ના જણાવ્યા અનુસાર ગયા વર્ષે પપૈયાની ખેતી માં પણ ૮૦ લાખ રૂપીયાનુ નુકશાન વાવાઝોડા ને કારણે થયુ હતુ એટલે ગ્રીન હાઉસ માં પાક સુરક્ષીત રહે તે માટે ગ્રીન હાઉસ બનાવાનો વિચાર કર્યો હતો અનેગ્રીન હાઉસ બનાવ્યા હતા અને તેમાં પણ લાખો રૂપીયાનુ રોકાણ કરી ગ્રીન હાઉસ બનાવ્યા પછી પણ વાવાઝોડાએ પીછો છોડયો નહોતો.

(તસ્વીર-અહેવાલ :સમીર બલોચ બાયડ)

ડમ્પરે ટકકર મારતાં જીપ ડીવાઈડર પર ચડી

બાયડ શહરે માં આજે બપોરે એક ચિત્ર વીચીત્ર અકસ્માત સર્જાયો હતો બાયડ પેટ્રોલ પંપ નજીક આવેલા ભરચક વિસ્તારમાં બપોર ના સુમારે ટ્રકે બોલેરો ગાડી ને ટકકર મારતાં બોલેરો ગાડી ડીવાઈડર પર ચડી ગઈ હતી

(તસ્વીર : સમીર બલોચ બાયડ)

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ચૂંટણીનું મતદાન યોજાયું

સાબરકાંઠા જિલ્લામાંથી પાંચ ઉમેદવારો મેદાનમાં

હિંમતનગર, તા.૧૧

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્યોની ચૂંટણી અંતર્ગત શુકવારે સાબરકાંઠાના વિવિધ સ્થળોએ મતદાન યોજાયું હતું. ૨૫ સભ્યો માટે યોજાનાર ચૂંટણીમાં સમગ્ર રાજયમાંથી ૯૯ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે ત્યારે સાબરકાંઠામાંથી પણ પાંચ ઉમેદવારો મેદાનમાં છે. શુકવારે સાંજે ૬-૦૦ કલાક સુધી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયુ હતું. જો કે આ વખતની ચૂંટણી ભારે રસાકસી ભરી બની રહી હતી.

આ અંગેની વિગત એવી છે કે બાર કાઉન્સીલ ઓફ ગુજરાત એ રાજયના વકીલના હિતો, પ્રશ્નો અને વહીવટીય બાબતો માટે કામ કરે છે. આ સંસ્થાના ૨૫ સભ્યો માટેની ચૂંટણી જાહેર થતાં જ સાબરકાંઠામાંથી પાંચ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. જેમાં હિંમનગરમાંથી રશ્મિકાન્ત એન. પંડયા, રાજેન્દ્રકુમાર વી. શર્મા, મોડાસાના હરીભાઈ એસ. પટેલ, ભિલોડાના પુષ્પેન્દ્રસિંહ ચંપાવત અને બાયડના વિનુભાઈ પટેલનો સમાવેશ થાય છે. પાંચ ઉમેદવારોએ નોંધાવેલી દાવેદારી બાદ ચૂંટણીમાં ગરમાવો આવી ગયો હતો અને વધુને વધુ મત અંકે કરવા ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવ્યું હતું.

દરમિયાન શુકવારે આ ચૂંટણીનું મતદાન યોજાયું હતું. આ અંગે હિંમતનગરના ચૂંટણી અધિકારી કનુભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ૨૫ બેઠકો માટે રાજયભરમાંથી ૯૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં પાંચ સાબરકાંઠાના ઉમેદવારો છે. જેમને જિલ્લાના અંદાજે ૧૭૦૦ મતદારોએ મત આપીને ભાવિ નક્કી કરનાર છે. શુકવારે સવારે ૧૦-૦૦ કલાકે હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, ભિલોડા, મોડાસા, તલોદ અને બાયડ ખાતે મતદાન યોજાયું હતું. જે સાંજે ૬-૦૦ કલાક સુધી ચાલ્યું હતું. આ ચૂંટણી અન્વયે સોમવારથી મત ગણતરી હાથ ધરવામાં આવશે. આ વખતની ચૂંટણી ભારે રસાકરી ભરી બની રહી હતી.

હિંમતનગરની મહિલાને ત્રાસ આપતા સાસુ અને સસરા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરમાં પાંચ વર્ષના પુત્ર સાથે પિતાના ઘરે છેલ્લા એકાદ વર્ષથી રહેતી પરિણીતા પાસે પતિ અને સાસુ-સસરાએ દહેજની માગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા પરિણિતાએ અમદાવાદના મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ત્રણેય વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પરિણિતાને એકાદ વર્ષ અગાઉ પુત્ર સાથે કાઢી મુકાતા ઓશીયાળું જીવન વ્યતિત કરતી આ મહિલાએ પોલીસ શરણું લીધું હતું. અને પતિ-સાસુ-સસરા વિરૂદ્ધ દહેજની માગણી કરી ત્રાસ આપવા બદલ તેમજ ઈચ્છા વિરૂદ્ધ ગર્ભપાત કરાવવા બદલ ફરિયાદ નોંધાવતા મેઘાણીનગર પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

હિંમતનગરના મોતીપુરામાં આવેલ એવન સોસાયટીમાં રહેતા ગોપાલસિંહ સીસોદીયાની દીકરી મનીષાબેનના લગ્ન મૂળ ભિલોડા તાલુકાના પુનાસણ ગામના ઈન્દ્રસિંહ જેતાવત સાથે ૨૦૦૪માં થયા હતા. મનીષાબેન અમદાવાદના સૈજપુર બોઘાની મજબુદાર સોસાયટીમાં પતિ સહિત સાસરિયા સાથે રહેતા હતા. લગ્નના પંદરેક દિવસ બાદ સાસરિયાઓએ દહેજ ઓછું લાવવાનું કહી શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. દરમિયાનમાં ૨૦૦૫માં તેણી ગર્ભવતી બનતા તેનું ગર્ભપરિક્ષણ કરાવી બેબી હોવાથી ઈચ્છા વિરૂદ્ધ તેણીના પતિ અને સાસુ-સસરાએ ગર્ભપાત કરાવ્યાનો આક્ષેપ ફરિયાદમાં પરિણીતાએ કર્યો છે.

મનીષાબેન પુનઃ ગર્ભવતી બનતા ૨૦૦૭માં પુત્રને જન્મ આપ્યો હતો. અને પુત્ર હેતરાજ તેમજ પતિ ઈન્દ્રસિંહ સાથે વાડજમાં ભાડાનું મકાન રાખી રહેતા હતા. સાસુ-સસરાની ચઢામણીથી પતિનો ત્રાસ ચાલુ રહ્યો હતો. દરમિયાન ગત તા. ૫-૫-૨૦૧૧ના રોજ મનીષાબેનને પુત્ર હેતરાજ સાથે સાસરિયાઓએ ઘરમાંથી કાઢી મુકતા તેણી પિયર હિંમતનગર ખાતે રહેતા પિતા ગોપાલસિંહને ત્યાં રહી છે. મનીષાબેને પતિ અને સાસુ-સસરા દ્વારા દહેજની માગણી-શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી જઈ ત્રણેય જણા વિરૂદ્ધ અમદાવાદના મેઘાણીનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કાંકરેજના ઝાલમોર ગામે કૃષિ રથનું આગમન થતા ખેડૂતોમાં ખુશીની લહેર

કાંકરેજ, તા. ૧૧

કાંકરેજ તાલુકાના ઝાલમોર ગામે સવારે ૮.૩૦ કલાકે કૃષિરથનું આગમન થતા ગામ સહિત તાલુકાના ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. જેમાં ખેડૂતોને કૃષિ વિષયક માહિતી આપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકાના ઝાલમોર ગામે આજે સવારે ૮.૩૦ કલાકે કૃષિ રથનું આગમન થતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી. કૃષી રથના આગમન બાદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ તજજ્ઞો દ્વારા ખેતીને લગતી વિવિધ માહિતી પુરી પાડવામાં આવી હતી તથા પશુઓની સારવાર માટે ડૉ. એચ.એ. પટેલ વેટરનરી ઓફિસર દ્વાર ૪૫૨ પશુઓની તપાસ કરવામાં આવી હતી. તેમજ કૃષિ-૨૪, બાગાયતી-૨૧ અને પશુપાલન ૧૫ કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે એલ.ઈ.ડી. પર ખેડૂતોને મુખ્યમંત્રીનો પ્રોગ્રામ અને કૃષિ દર્શન જેવા કાર્યક્રમો બતાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે થતા એ.પી. એમ.સી.ના ચેરમેન અણદાભાઈ પટેલ, રામજીભાઈ નોગોહુ, ઈશ્વરભાઈ સહિત અનેક આગેવાનો અને ખેડૂતો હાજર રહ્યા હતા.

પાલનપુરમાં રમાયેલ ટુર્નામેન્ટમાં બાવીસ ચૌધરી સમાજ(અંજાણા) ઈલેવન વિજેતા બની

વેકેશન એટલે ક્રીકેટ એવો શિરસ્તો બની ગયેલ છે.દેશમાં આઈ.પી.એલ જેવી ટુનાર્મેન્ટમાં થી પ્રેરાઈને સ્થાનીક ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે માટે અનેક શહેરોમાં ટુનાર્મેન્ટો રમાય છે.તે પૈકી રાશી એજ્યુકેશન ટ્રસ્ટ પાલનપુર અને યુથ કોન્ગ્રેસ પાલનપુર દ્વારા જોડનાપુરા પાસે ક્રીકેટ ટુનાર્મેન્ટ રમાઈ ગઈ આ ટુનાર્મેન્ટ માં કુલ ૯૦ ટીમોએ ભાગ લીધો હતો અને આ ટુનાર્મેન્ટ ૪૫ દીવસ ચાલી હતી. ગત રોજ આ ટુનાર્મેન્ટની ફાઈનલ મેચ ચૌધરી ઈલેવન અને કચ્છ કડવા પટેલ ઈલેવન વચ્ચે યોજાઈ હતી. તેમાં ચૌધરી ઈલેવનનો વિજય થયો હતો. ચૌધરી ઈલેવનને ફાઈનલમાં પહોંચાડવા માટે વી.પી.ચૌધરી (બાદરપુરા)-કેપ્ટન, કૌશલ નયક, મહેન્દ્ર દેસાઈ, અયુબ ફાર્ગી, માજીદ ખાન, સુનીલ પ્રજાપતિ, રાજુ યાદવ, વિરસંગહ ચૌધરી, રમેશ.એચ.ચૌધરી, દીનેશ.વિ.ચૌધરી, પુર્વેશ અને ચીરાગનો સીંહ ફાળો હતો. વિજેતા ટીમને ૨૫૦૦૦ રોકડા તેમજ ટ્રોફીએનાયત કરાઈ હતી.

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

બનાસકાંઠા જિલ્લામાં ૨૦૦ પોલીસ કર્મીઓની બદલી

પાલનપુર, તા.૧૧

સરહદી બનાસકાંઠા જિલ્લાના એસ.પી. અશોક યાદવે જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનો કે બોર્ડર ચેક પોસ્ટો પર અઢી વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા ૨૦૦થી વધુ પોલીસ હે.કો. અને પો.કો.ની બદલીનો આદેશ કરાયો હતો.

આગામી સમયમાં આવનારી વિધાનસભાની ચૂંટણીઓને લઈને લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા પોલીસ જવાનોની આજે બદલી કરાતા પોલીસ બેડામાં ભારે ચહલપહલ મચી જવા પામી છે. આગામી સમયમાં પી.આઈ. અને પી.એસ.આઈ.ની બદલી હાથ ધરાશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

નિવિદા નં. ૪ સને ૨૦૧૨-૧૩

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં. ૧ "સિંચાઈ ભવન" દુર્ગા કોમ્પલેક્ષની પાછળ, છાપરીયા રોડ, હિંમતનગર ટેલીફોન નં. ૦૨૭૭૨-૨૪૬૬૭૧ તરફથી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૪૪ કી.મી. થી ૧૫૮ કી.મી. વચ્ચે કુલ ૪ કામો માટે ચોમાસા-૨૦૧૨ દરમિયાન જરૂરિયાત મુજબ કરવાના થતા કામોના ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૬-૫-૧૨ ૧૬-૦૦ કલાક સુધીની છે. અન્ય વિગતો વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે. તેમજ વધુ વિગતો માટે વિભાગીય કચેરીનો ચાલુ દિવસોએ સંપર્ક કરવો.

ક્રમાંક : નામાનિ/હિંમત/૯૨/૨૦૧૨

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ૨-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૫૫૧, ૨૩૨૩૫૫૧, ફેક્સ : ૨૩૨૩૦૫૫૧
Email : jay_choly@yahoo.com ● gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યુરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

કાંકરેજના ઘુડાનગર મુકામે વાદિ જાતિ વસાહતનો ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો

કાંકરેજ તાલુકાના કાકર (ઘુડાનગર) મુકામે 'વાદિ જાતિ વસાહત'નો ભૂમિ પૂજન કાર્યક્રમ મંત્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સરકારી અધિકારીઓ જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ આગેવાનો અને બક્ષીપંચમાં આવતી વાદી-બજાણીયા જ્ઞાતિના જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા. આ ભૂમિપૂજન કાર્યક્રમના પ્રારંભે મંત્રી ફકીરભાઈ વાઘેલાએ પ્રાસંગિક ઉદ્બોધન કરી બક્ષીપંચની વિવિધ યોજનાની અંદરનું જે બજેટ ૧૩૦ કરોડ હતુ તે આ વર્ષે ૫૯૭ કરોડ રૂપિયાનું કરવાની મંજુરી આપી છે. તેમજ કુવરબાઈનું મામેરૂ યોજનામાં પણ રૂ. ૧૦,૦૦૦ તથા સમૂહલગ્નમાં જોડાનારને પણ રૂ. ૧૦,૦૦૦ની જાહેરાત કરી છે. બક્ષીપંચમાં આવતી તમામ જાતિઓને આવી યોજનામાં આવરી લેવાશે તેમ જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ | એપોલો | ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮